Extra No. 428

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, DECEMBER 4, 2025 / AGRAHAYANA 13, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૪૨૧૧ થી ૧૪૨૪૫/૨૦૨૫.- નર્મદા જિલ્લામાં નાગરિકો/સંસ્થાઓ જિલ્લા કલેક્ટર કચેરી તેમજ જિલ્લા/તાલુકાની અન્ય કચેરીઓ ખાતે પોતાની વિવિધ માંગણી/રજુઆતો માટે સમૂહમાં આવતા હોય છે. આ પ્રકારની રજુઆતો દરમ્યાન સંબંધિત કાર્યરત કચેરીઓ ખાતે અધિકારીઓ/કર્મચારીઓ તેમજ કચેરી ખાતે કામ અર્થે આવેલ નાગરિકોના વિવિધ કાર્યો તેમજ તેઓની શાંતિ અને સલામતિ જળવાઈ રહે, સૌહાર્દપૂર્ણ માહોલ બની રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી નિયંત્રણો મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) તથા આમુખના હુકમથી મળેલ સત્તાની રૂએ જિલ્લા સેવા સદન, નર્મદા તથા જિલ્લામાં આવેલ સરકારશ્રીના વિવિધ વિભાગની અન્ય તમામ કચેરીઓના કંપાઉન્ડ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી વગર કોઈપણ પ્રકારના પ્રદર્શન, ધરણાં, ઉપવાસ, રેલી વિગેરે પ્રવૃત્તિ કરવા પર.

(૨) કોઈપણ પ્રકારના માઈક સિસ્ટમ/ડી.જે. નો ઉપયોગ ઉક્ત કચેરીઓ ખાતે કરવા પર.

(૩) ઉક્ત કચેરીઓ ખાતે રોજીંદી કામગીરીમાં અધિકારીઓ/કર્મચારીઓ/અરજદારો/કચેરીના મુલાકાતીઓ વગેરેને અસુવિધા ઉત્પન્ન કરવા પર.

(૪) ઉક્ત કચેરીઓ ખાતે શાંતિ સલામતિ અને સંવાદિતા જોખમાય તેવા સુત્રોચ્ચાર કરવા પર.

// અપવાદ //

આ હુકમમાંથી સરકારશ્રીના વિભાગો/કચેરીઓ દ્વારા આયોજિત કરવામાં આવનાર કાર્યક્રમો/રેલીને મુક્તિ આપવામાં આવે છે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામું તા.૦૨/૧૨/૨૦૨૫ થી તા.૧૬/૧૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૪થી ડિસેમ્બર, ૨૦૨૫.

સી.કે.ઉંધાડ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

// વંચાણે લીધું //

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/V.P of India/નો ફલાય/૩૬૨૧/૨૦૨૫, તા.૦૨/૧૨/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે બહાર પાડેલ

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૪૩૬૨ થી ૧૪૪૦૧/૨૦૨૫.-આગામી તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ માન. ઉપરાષ્ટ્રપતિશ્રી Concluding Ceremony of 150th Birth Anniversary Celebrations of the Sardar Vallabhbhai Patel કાર્યક્રમ અન્વયે એકતાનગર ખાતે પધારનાર છે. માન. ઉપરાષ્ટ્રપતિશ્રી "ઝેડ+" સિક્યુરીટી ધરાવે છે.

પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી માન. ઉપરાષ્ટ્રપતિશ્રીની સુરક્ષાને ધ્યાને લઈ, સમગ્ર એકતાનગરના વિસ્તારને "NO FLY ZONE" જાહેર કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ ગરૂડેશ્વર તાલુકામાં આવેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી એરીયા ડેવલપમેન્ટ એન્ડ ટુરીઝમ ડેવલપમેન્ટ ઓથોરીટી, એકતાનગરના સમગ્ર વિસ્તારને તા.૦૬/૧૨/૨૦૨૫ ના ૦૦:૦૦ કલાકથી ૨૪:૦૦ કલાક સુધી "NO FLY ZONE" જાહેર કરી, સદરહુ વિસ્તારમાં જમીનથી આકાશ તરફ ઉડાવવામાં આવતા ચાઈનીઝ તુક્કલ, ફુગ્ગા, પતંગ, વાવટા, ડ્રોન, સિન્થેટીક પ્લાસ્ટિક ઉડાડવાની / ફરકાવવાની મનાઈ ફરમાવું છું.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી તા.૦૬/૧૨/૨૦૨૫ ના ૦૦:૦૦ કલાકથી ૨૪:૦૦ કલાક સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૪થી ડિસેમ્બર, ૨૦૨૫.

સી.કે.ઉંધાડ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

// વંચાણે લીધું //

(૧) S.D.E., BSNL, Rajpipla નો તા.૦૨/૧૨/૨૦૨૫નો પત્ર

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

// જાહેરનામું //

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૧૪૪૨૫-૬૦ /૨૦૨૫.-આગામી તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ માન. ઉપરાષ્ટ્રપતિશ્રી Concluding Ceremony of 150th Birth Anniversary Celebrations of the Sardar Vallabhbhai Patel કાર્યક્રમ અન્વયે એકતાનગર ખાતે પધારનાર છે. સદરહુ કાર્યક્રમ દરમિયાન બી.એસ.એન.એલ. દ્વારા પુરી પાડવામાં આવનાર સંચાર/ડેટા સેવાઓ ખોરવાય નહીં તે માટે S.D.E., BSNL, Rajpipla દ્વારા વંચાણ-(૧)ના પત્રથી સંબંધિતોને જરૂરી સૂચનાઓ બહાર પાડવા વિનંતી કરવામાં આવેલ છે. જેથી ઉક્ત કાર્યક્રમ દરમિયાન બી.એસ.એન.એલ. દ્વારા પુરી પાડવામાં આવનાર સંચાર/ડેટા સેવાઓ ખોરવાય નહીં તે માટે ખોદકામ(Digging) કરવા પર પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉંધાડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિત-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ આગામી તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ માન. ઉપરાષ્ટ્રપતિશ્રીની ઉપસ્થિતિમાં એકતાનગર ખાતે યોજાનાર Concluding Ceremony of 150th Birth Anniversary Celebrations of the Sardar Vallabhbhai Patel કાર્યક્રમ દરમિયાન બી.એસ.એન.એલ. ના ઓપ્ટિકલ ફાઈબર કેબલ લાઈનોથી પુરી પાડવામાં આવનાર સંચાર/ડેટા સેવાઓ ખોરવાય નહીં તે માટે તા.૦૪/૧૨/૨૦૨૫ થી તા.૦૬/૧૨/૨૦૨૫ સુધી બી.એસ.એન.એલ.ના ઓપ્ટિકલ ફાઈબર કેબલ લાઈનોના અત્રેના જિલ્લામાં આવતા રૂટ પર ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી તા.૦૪/૧૨/૨૦૨૫ થી તા.૦૬/૧૨/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૪થી ડિસેમ્બર, ૨૦૨૫.

સી.કે.ઉંધાડ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.06 11:19:57 IST